# GST કરક્રાંતિનો સૂર્યોદય

પ્રો .મધુબેન એસ .પટેલ

આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, વ્યારા

૧લી જુલાઈથી સમગ્ર દેશમાં નવોકર કાયદો ગુડસ એન્ડ સર્વિસ ટેકસ GST લાગુ થઈ ગયો છે. દેશમાં નવા કાયદો લાગુ કરવા માટે મધ્યરાત્રિએ સંસદનું વિશેષ સત્ર બોલાવાયું હતુ. રાષ્ટ્રપતિ પ્રણવમુખર્જી અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ બટન દબાણીને નવા કાયદો લોન્ચ કર્યો હતો. સંસદનું મધ્યરાત્રિએ બોલાવાયેલું આ ત્રીજુ સત્ર હતુ GST લાગુ થતાંજ દેશમાં અમલી ૧૬ કરવેરા નાબુદ થઈને હવે ૫, ૧૨ અને ૧૮, ૨૮% અથવા તેનાથી ઓછો રહેહો. GST લાગુ કરનારા ભારત વિશ્વનો ૧૬૧ મો દેશ બની ગયો છે.

GST એ વસ્તુઓ અને સેવાઓ પર લેવાતો ટેકસ છે. તે એક એવો ટેકસ છે. જે રાષ્ટ્રીય સ્તરે કોઈપણ માલસામાન સેવાના ઉત્પાદન, વેચાણ અને ઉપયોગ પર લગુ કરવામાં આવે છે. GST લાગુ થવાથી જકાત, સેલ્સટેકસ રાજય માટે લાગુ થતાં સેલ્સ ટેકસ, વેટ, એન્ટ્રી ટેકસ, લોટરી ટેકસ, સ્ટેમ્પ ડયુટી, ટેલિકોમ, લાઈસન્સ ફી, ટર્નઓવર ટેકસ વીજળીના ઉપયોગ અને વેચાણ પર લાગુ થનાર ટેકસ, માલસમાનના ટ્રાન્સપોર્ટેસી પર લાગુ થનાર ટેકસ વગેરે તમામ રદ્ થઈ જશે અને તેનું સ્થાન GST લેશો.

ભારતના ઈતિહાસમાં આ કરવેરા સુધારો એ સૌથી મોટો સુધારો છે. એક દેશ એક ટેકસ દેશના અર્થતંત્ર ને વેગીલુ બનાવવા માટે મહાત્વાકાંક્ષી GST બિલ પહેલી એપ્રિલ ૨૦૧૭ અમલમાં લાવવાનું લક્ષ્ય નકકી કર્યુ હોવાનું જણાવી કેન્દ્ર સરકારે આ કાનૂનનો રોડમેપ જાહેર કર્યો હતો. સરકારના ઈરાદો દેશભરમાં કરના દર નીચા અને એકસરખા કરવાનો છે કરના દરનો બાબલનો આખરી નિર્ણય કેન્દ્ર અને રાજય સરકારોના પ્રતિનિધિઓની બનેલી GST કાઉન્શીલ પરિસ્થિતીની સમીક્ષા કરીને કરશે GST કાઉન્શીલ કેન્દ્ર અને રાજયોને ટેકસ, સેસ તેમજ સરચાર્જ અંગે સૂચનો કરશે, હાલ રાજયો અને કેન્દ્ર સરકારના મળી આશરે ૨૦ થી ૨૨ જેટલા જુદા જુદા ટેકસ અમલમાં છે તે રદ્ થઈ જશે ત્રણ પ્રકારના ટેકસ લાગુ રહેશે. (૧) સેન્ટ્રલ GST (૨) સ્ટેટ GST (૩) ઈન્ટીગ્રેટેડ GST, CGST કેન્દ્ર સરકાર અને SGST રાજય સરકાર વસુલશે જયારે IGST કેન્દ્ર અને રાજય બંને વસુલશે.

GST નો દર ૧૮% હશે તો ૯ % રાજય સરકાર અને ૯% કેન્દ્ર સરકાર તરીકે ઓળખાશે ઉપરાંત કેન્દ્ર સરકાર IGST એટલે કે વિશેષકર લાગુ કરશે. જો કોઈ વસ્તુનું કે સેવાનું વેચાણ રાજયની અંદર જ થાય તો

SGST કાયદો અને CGST અને પ્રકારના વેરા નાંખવામાં આવે છે. પરંતુ તો કોઈ વસ્તુ કે સેવાનું વેચાણ એક રાજયમાંથી બીજા રાજયના થાય તો માત્ર IGST નાંખવામાં આવશે જેની ચુકવણી કેન્દ્ર સરકારને કરવામાં આવશે. જેમાંથી રાજય સરકારને તેનો હિસ્સો પ્રાપ્ત થશે.

GST માં બે દરનું માળખું અપનાવવાનાં આવ્યું છે (૧) નીચોદર અને (૨) પ્રમાણિત દર નીચો દર કે જે જીવન જરૂરિયાતની વસ્તુઓ ઉપર નાંખવામાં આવે છે. અને પ્રમાણિત દર કે જે બધી જ વસ્તુઓ અને સેવાઓ ઉપર નાંખવામાં આવશે. જે મહત્વની સોનાચાંદી જેવી ધાતુઓ પર વિશિષ્ટ દર નાંખવામાં આવશે. GST એ અંતિમ વપરાશ ઉપર લગાવવામાં આવે છે. જયાં વસ્તુનું ઉત્પાદન થાય છે ત્યાં નહી. પણ જયાં વસ્તુનો વપરાશ થશે ત્યાં કર નાંખવામાં આવશે. પુરવઠા મેઈનમાં જે જે સ્તરે વેચાણ અને વપરાશ થયે ત્યાં ત્યાં કર નાંખવામાં આવશે. ઉત્પાદક, જથ્થાબંધ વેપારી, અને છુટક વેપારી જુદા જુદા સ્તરે નકકી કરેલ GST ના દરે વેરો ભરશે પરંતુ તેઓ તેને ટેકસ ક્રેડિટ પ્રવૃતિ દ્વારા પાછો મેળવી શકે છે. કેટલીક ચીજવસ્તુઓ એવી છે કે જેને GST માં સામેલ કરવામાં આવેલ નથી. પેટ્રોલ ડિઝલ, પંચાયત નગરપાલિકા દ્વારા ઉઘરાવવામાં આવતા મનોરંજન વેરા, આલ્કોહોલ, સ્ટેમ્પડયુટી અને કસ્ટમ ડયુટી, વીજળીના વપરાશ અને વેચાણ પરનો વેરો પરંતુ આ વસ્તુઓને પણ GST માં સામેલ કરવામાં આવે તો પ્રજાનનો ૨૮% ટેક્ષ ભરે પરંતુ આ વાયુઓ પર સરકારને ૩૩ થી ૫ % જેટલો ટેક્ષ મળે છે. માટે સરકારને ફાયદો છે પણ આમજનતાને એ ફાયદો નથી. હાલમાં ચૂંટણીના પડઘમ વાગી રહયા છે ત્યારે વિરોધપાર્ટી લોકોને એવું વચન આપે છે. કે અમારી સરકાર આવશે તો પેટ્રોલ ડિઝલને GST હેઠળ લાવીશું.

ભારતના આર્થિક વિકાસ માટે સરકારને વધારે નાણાની જરૂર ઉભી થાય છે. તો સરકાર આ નાણાં કયાંથી મેળવે તો સરકારની આવકના સાધનોના કરવેરા મહત્વનું સ્થાન ધરાવે છે. કર દ્વારા મેળવેલી આવક સરકારની તિજોરીમાં જમા થાય છે. તેના દ્વારા અર્થતંત્રના જુદા જુદા ક્ષેત્રોનો વિકાસ કરવામાં આવે છે. વિશ્વનો કોઈપણ દેશ એવો ન હોય કે જે કરવેરા ન ઉઘરાવે ભારત એ વિકાસશીલ રાષ્ટ્ર છે. જેના વિકાસ માટે ઘણાં મોટા ભંડોળની જરૂર ઉભી થાય છે. જેના દ્વારા આર્થિક ક્ષેત્રે નવા સુધારાઓ દાખલ કરી શકાય પરંતુ સરકારની તિજોરી ખાલી છે. કારણ કે ભારતમાં કરવેરા ભરનારનું પ્રમાણ માત્ર ૩ થી ૫% છે સરકરા દ્વારા બે પ્રકારના કર લઈ શકાય (૧) પ્રત્યક્ષકર અને (૨) પરોક્ષકર

પ્રત્યક્ષ કર જે સામાન્ય વ્યકિતને અસર કરે છે, દા.ત. સંપતિવેરો અને આવકવેરો સામાન્ય નાગરિકો સેવાઓ માટે વેટ, સેવાવેરો, ડોર્પોરેટ વેરા જેવા કરવેરા ભરે છે. જયારે નાણામંત્રી દ્વારા બજેટ બહાર પાડવામાં આવે ત્યારે નાગરિકો અને કોર્પોરેટ ક્ષેત્ર એવી અપેક્ષા રાખતા હોય કે સુધારાવાળુ બજેટ હોય. ભારતે આર્થિકવૃદ્ધિ કરવી હોય તો કરપ્રવૃતિના સુધારા કરવો જરૂરી છે. એ સુધારો એ ભારતમાં ગુડસ એન્ડ સર્વિસ ટેક્ષ (GST) ચીજવસ્તુ અને સેવા પરનો કર મોટાભાગના પરોક્ષવેરાને એક વેરામાં સામવી લે છે. જેનાથી વેપારવાણિજય

 Vol. 6, Issue: 2, February: 2018
(IJRSML) ISSN: 2321 - 2853

સરળ બનશે. ભારતનો વૈશ્વિક વેપાર માટે વધુ સ્પર્ધાત્મક બનાવશે. ભારતની કરવેરાની પ્રવૃત્તિ જટિલ છે. એના દ્વારા કરવેરામાં ચોરી અને કાળુનાણું ઉભું થાય છે. રાજય સરકાર લોકો ઉપર વધારે કરવેરા લગાવી શકશે નહી GST દ્વારા દેશમાં એક સિંગલ ઈકોનોમી ઝોનની રચના થાય છે. વિશ્વને એવું બતાવી શકાયુ કે ભારત અર્થતંત્રને ૨૧ મી સદી તરફ આગળ વધારી રહયું છે. રાજયોના હાલના ફેડલ્રા ૧૫ વેરાને બદલે GST આવશે. તેનાથી આર્થિક વૃદ્ધિ પણ થાશે સરકારની વિચારધારા સહકારી ફેડરોલિઝમની છે. જેનાં કેન્દ્ર અને રાજય સાથે મળીને રાષ્ટલાભ માટે કામ કરે. અને બંને તે યોગ્ય હિસ્સો પણ મળે GST થી કેન્દ્ર અને રાજય સરકારોના ઘણાં વેરાઓને કારણે ઉભો થયેલ કર આતંકનો અંત આવશે.

કેન્દ્ર અને રાજય વચ્ચે GSTનો મુખ્ય કરવેરાના દર અંગેનો છે. રાજયો તેની આવકમાં વધારો કરવા ઊંચા દર ઈચ્છે છે. અને કેન્દ્ર ફુગાવાનો દર નીચો લાવવા ઉચ્છે છે. હાલમાં અર્થતંત્ર ૭.૧ % ની સાથે વિકાસ સાથી રહયું છે. દેશમાં સમગ્ર પરોક્ષ વેરા પ્રણાલીનો આરંભ કરનારા GSTથી જીવન જરૂરીયાત ચીજવસ્તુઓ સસ્તી થશે ખાણીપીણીની જીવન જરૂરી ચીજો પર કોઈ ટેક્ષ નહીં લાગે. પહેલા સ્લેબમાં શૂન્ય ટેક્ષ બીજા સ્લેબમાં ૫% અને ત્રીજા સ્લેબમાં ૧૨ થી ૧૮% છે. લકઝરી ટેક્ષ સ્લેબ વિભાગમાં વહેંચવામાં આવ્યો છે. ટેક્ષ અને સેસ જેના ટેક્ષ ૨૮% હશે GSTના ચાર પુરક ખરડા લોકસભામાં પસાર થઈ ગયા છે.

(૧) સેન્ટ્રલ GST : જેમા કેન્દ્ર સરકાર દ્વારા રાજયોની અંદર વસ્તુઓ સેવાઓ કે બંને પર ટેક્ષ વસુલવાની વ્યવસ્થા કરાવે.
(૨) ઈન્ટીગ્રેટેડ GST : એક રાજયમાંથી બીજા રાજયમાં સપ્લાય પર ટેકસ વસુલવા અંગેની જોગવાઈનું વિવરણ અપાયું છે.
(૩) GST કોમ્પેન્સેશન ટુ સ્ટેટસ : રાજયોની થનારી મહેસુલી ખોટ સામે તેમને વળતર ચુકવવા સંબંધી નિયમોની જોગવાઈ છે.
(૪) યુનિયન ટેરેટરી GST : જેમાં કેન્દ્ર શાસિત પ્રદેશોમાં વસ્તુઓ કે સેવાઓ કે બંનેના સપ્લાય પર ટેકસ વસુલવા જોગવાઈ છે.

કેન્દ્ર સરકાર અને રાજય સરકાર વિવિધ દરે એકથી વધારે પોઈન્ટ પર કરવેરા લાગુ કરે છે. આ કરવેરાઓ ભારતીય ઉત્પાદનો પર કરવેરાના ભારણના વધારો કરે છે. જેથી કિંમતમાં વધારો થાય છે. તથા તેના પગલે સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય બજારોમાં તેના વેચાણ પર અસર થાય છે. GST થી રાજયની સરહદોમાંથી સરળતાપૂર્વક ચીજવસ્તુઓની હેરફેર કરવાનાં મદદરૂપ બનશે. કરવેરાની ચોરીને નિયંત્રણમાં લાવશે. કરવેરાના નિયમોનું પાલન વધારાશે સરકારની આવકના વધારો થશે. વૃધ્ધિને વેગ મળશે અને રોકાણને પણ પ્રોત્સાહન મળશે.

સરકાર GST દ્વારા જે આવક મેળવે તેમાંથી તેણે ઘણી બધી જવાબદારીઓ અદા કરવાની હોય છે પ્રજાને ચીજવસ્તુઓ અને સર્વિસસીસ પૂરી પાડવી ભૌતિક અને સામાજિક માળખાકીય સુવિધાઓનું નિર્માણ કરવું.

વસ્તીના વિકાસ માટે જોગવાઈ કરવી, ગરીબી નાબુદી કરવી વગેરેનો સમાવેશ થાય છે. એટલે સરકારને નોંધપાત્ર પ્રમાણમાં નાણાંકીય સ્ત્રોતો ઉભા કરવાની જરૂર પડે છે. સરકાર કરવેરા આવક અને બિનકરવેરા અવક મેળવે છે. ટેક્ષ રેવન્યુ એ સરકારે કાયદા મુજબ લાગુ કરવામાં આવેલ વેરા દ્વારા મેળવવામાં આવે છે. અને નોન રેવન્યુનો અર્થ વેરા સિવાય અને ફી / યુઝર ચાર્જીસ, ડિવિડન્ડ, જાહેર સાહસોનો નફો, વ્યાજ દંડ કે પેનલ્ટીની આવક વગેરે થાય છે. ટેક્ષ રેવન્યુ સરકારની આવકમાં નોંધપાત્ર હિસ્સો ધરાવે છે. આજે વેરાઓ છે. એ બે વિભાગમાં વહેંચી નાખવામાં આવે છે. (૧) સીધાવેરા (૨) આડકતરા વેરા, સીધા વેરા વ્યકિત કે સંસ્થા પર પડે છે અને તે વેરા જે તે વ્યકિત કે સંસ્થાએ ભરવાના હોય છે. જે અન્ય પર તબદિલ કરી શકાય નહી.

આડકતરા વેરા એવા છે જેનો બોજ અન્ય વ્યકિતને માલસામાન / સર્વિસના, બિઝનેસ ના સોદા દ્વારા તબદીલ કરી શકાય છે. દા.ત. એકસાઈઝ ડયુટી, વેચાણવેરો, વેલ્યુએડેડ ટેક્ષ, સર્વિસ ટેક્ષ, કસ્ટમ ડયુટી.ભારતનો ટેક્ષ GDP રેશયો અત્યંત નીચો રહયો છે. જે બ્રિકસ દેશોનાં સૌથી નીચો છે. આ રેશિયો સુધારવાની જરૂર જણાય છે. ભારતમાં જે કરવેરા લગાવવામાં આવે તે ઉચી આવક ધરાવનારા વર્ગની તુલનામાં ઓછી આવક ધરાવનાર પર વધુ કરબોજ લદાય છે. આસ્થિતિને રિગ્રેસીવ વેરા કહેવાય છે. ગરીબો અને અમીરો બંને સમાન પ્રકારના માલસામાનના વપરાશ પર એકસરખો કરવેરો લાગે છે. અને બીજી તરફ સીધા કરવેરાને પ્રગતિશીલ વેરા ગણવામાં આવે છે જે કરદાતાની કર ભરવાની ક્ષમતા સાથે જોડવામાં આવે છે. કરદાતાની કરપાત્ર આવક વધે તેની સાથે આ વેરા વધે છે. ભારતમાં આડકતરો વેરો ૬૦% થી વધુ એકઠા કરાયેલો છે. માટે કરવેરાનું માળખુ રિગ્રેસિવ છે. કરપદ્ધતિને ઓછી અટપટી બનાવવા માટે સંખ્યાબંધ સુધારા કરાયા છે. આ એક સુધારો છે. વેચાણવેરાની જગ્યાએ રાજયોમાં ૨૦૦૫ થી વેટ દાખલ કરાયો વેટ ઉપરાંત સંખ્યાબંધ આડકતરા વેરા વસુલવામાં આવે છે. આને કારણે કરવેરાની કાસ્કડિંગ ઈફકેટ થાય છે આને લીધે ઉત્પાદનથી માંડી રીટેઈલના આખરી તબકકા સુધી ઘણાં વેરા લાગુ પડે છે. આને લીધે પ્રોડકટમાં વેરાનું પ્રમાણી વધતા તે પ્રોડકટ ઊંચા વેરા ધરાવતી થઈ જાય. કેન્દ્ર અને રાજય અલગ અલગ વેરાઓ નાંખવાને કારણે કરવેરાનું પ્રમાણ ખૂબ ઉચુ જોવા મળે છે. GST ને કારણે આ આડતરા વેરાનો અંત આવશે. સુબ્રમણીયમના નેતૃત્વ હેઠળની સમિતિના કહેવા પ્રમાણે વેરાઓના દરની સંખ્યા મર્યાદિત રહેશે.

(૧) મોટાભાગના માલસામાન અને સર્વિસિસ પર એક સ્ટાન્ડર્ડ દરથી વેરો લાગશે.
(૨) મેરિટસ ગુડસ અને આવશ્યક ચીજો પર ઓછા દરે વેરો લાગશે.
(૩) વૈભવી ચીજો જેવા નોના મેરિટ ગુડસ પર ઉચા દરે વેરો લદાશે.

GST લાગુ કરવાથી જે રાજયને નુકશાન થશે તો પાંચ વર્ષ સુધીની ખોટને સરભર કરી આપવામાં આવશે. રોકાણકારો પણ એવા જ સ્થળો પસંદ કરે જયાં કરના દરો નીચો હોય અને વહીવટી મુશ્કેલી ન હોય હવે આ કર પ્રોત્સાહનને કારણે પ્રોડકશનના માળખાના જે ફેરફારો થશે તેના કારણે મેક ઈન ઈંડિયા માટે કઈ ચીજો બનાવવી તે નકકી કરી શકાશે. એટલે GST મારફતે કર વ્યવસ્થા સરળ બનવાને કારણે કાયાપલટ થશે. મોટાભાગના દેશોએ GST મોડેલ સ્વીકારેલ છે. અને સફળતા પણ મળી છે તો ભારતને પણ મોડેલ

સ્વીકારવાથી સફળતા મળશે કે નહીં એનો આધાર મોડેલના અમલીકરણ ઉપર છે. GST નો દર આપણે ત્યાં ૧૮ થી ૨૮% છે. એટલે આ દર ઊંચો હોય તો શરૂઆતમાં ફૂગાવાનો ભય રહેશે. પરંતુ લાંબેગાળે આ ફૂગાવો ઘટશે ઘણી સેવાઓ એવી છે જેના પર કર લેવાતો નથી હવે GST ને લીધે ૧૨% થી ૧૮ % લેવાય તો ફૂગાવો વધવાની શકયતા રહે. દુનિયાના ૧૬૦ દેશોએ GST નો અમલ કર્યો છે. જેમાં ફ્રાન્સ એ સૌપ્રથમ ૧૯૫૪ માં લાગુ કર્યુ હતુ. આ બધા દેશો સફળ થયા છે તો ભારત પણ એમા સફળ થશે જ એમાં કોઈ બેમત નથી.

GST થી ભારત વેપારવાણિજય ક્ષેત્રે ૧૮૯ દેશોનાં ૧૩૦ ક્રમે છે. નરેન્દ્ર મોદી ભારતને ટોચના ૫૦ દેશોમાં સ્થાન મેળવવાની વાતો કરે છે. કેટલી સફળતા મળશે એ સમય જ બતાવશે. IMF એ જણાવ્યું કે GST થી ભારતમાં મધ્યમ ગાળાની વૃધ્ધિને પ્રોત્સાહન આપશે જે વેપાર અને રોકાણ માટે હકારાત્મક છે. GST વસ્તુના ઉત્પાદન પર અથવા વસ્તુના વેચાણ પર અથવા સર્વિસીસની જોગવાઈઓ પર કરતી પ્રવર્તમાન વ્યવસ્થા આને ગુડસ્ અથવા સર્વિસસસના પુરવઠા પર લાગુ પડશે ગ્રાહકો માટે કરવ્યવસ્થા સરળ બનશે જયા તે કરની પરાવર્તત અસરો દૂર થવાને કારણે વસ્તુઓ અને સેવાઓના ભાવમાં ઘટાડો સમગ્ર દેશમાં સમાન કિંમત, કર વ્યવસ્થામાં પારદર્શિતા અને રોજગારીની તકોમાં વધારાની અપેક્ષા રાખી શકાય.

GST થી થતા લાભો.

- એક જ કર હોવાને કારણે મોટાભાગના કર નાબુદ થશે.
- ગ્રાહક માટે કર વ્યવસ્થા સરળ બનશે.
- GDP માં વધારો થશે.
- વ્યાપાર વધવાથી મુડીકોરાણ વદાશે.
- ઉત્પાદન વધવાથી રોજગારીમાં વધારો થશે.
- વેપારી અને અધિકારી વચ્ચેની મડાંગાંઠ દૂર થશે જેને લીધે ભ્રષ્ટાચારમાં ઘટાડો થશે.
- વિદેશી હુંડિયામણમાં વધારો થશે.
- ટેક્ષ અંગેના વિવાદો મોટાપાયે ઘટી જશે.
- મેન્યુફેકચરીંગ ક્ષેત્રને ફાયદો થશે કારણ કે એક જ વેરાની ચુકવણી કરવાની હોવાથી
- રાજયો રાજયો વચ્ચેની વિખવાદો ઓછા થશે.
- નિકાસમાં વધારો થવાથી રોજગાર અને રાષ્ટ્રની આવકમાં વધારો થશે.
- કરચોરીનું પ્રમાણ ઓછુ થશે.

GST લાગુ કર્યો ત્યારે શરૂઆતમાં થોડી સમસ્યા ઉભી થઈ વેપારી વર્ગમાં અસંતોષ ફેલાયો સુરતનું ટેક્ષટાઈલ માર્કેટ ઘણાં સમય સુધી બંધ રહયું. એમાં કામ કરતા લાખો મજુરોની રોજગારી છિનવાય વેપારીના રજિસ્ટ્રેશન બાબત સમસ્યા હતી. સરકારે એમના માટેની મુદત વધારી સમજ માટે સેમિનારો પણ કર્યા હવે વેપારી આલમ ઠરીઠામ થયો છે. કારણ કે એમની માંગણી કરનો દર ઘટાડવાને કે શૂન્ય કરવાનો હતો. પરંતુ સરકાર તરફથી થોડી છુટ પણ આપવામાં આવી. વેપારીનો GST નો માર વધારે લાગ્યો કારણ કે સરકારે GST અગાઉ વિમુપ્રકીકરણ કર્યુ એ વ્યવસ્થા હલ થાય ત્યાં જ GST લાગુ થયો પરંતુ મને એ નથી સમજાતુ કે

આટલો બધો વિરોધ વેપારી વર્ગ શા માટે કરે છે. ચીજવસ્તુ કે સેવાનો છેલ્લો વપરાશકાર ગ્રાહક છે અને એ કર ગ્રાહક પાસેથી જ લેવામાં આવે છે. ગ્રાહક વર્ગ એનો જરાય વિરોધ ન કર્યો. શરૂઆતમાં GST ને કારણે વિકાસ દર ઘટયો ૭.૧% પરથી ૬% પર આવ્યા. પરંતુ IMF એ પણ એવી ચિંતા વ્યકત કરી હતી. પરંતુ નવેમ્બરમાં IME દ્વારા GDP માં વધારાનો સંકેત આપ્યો છે. જો GST નો ઊંચો દર હોય તો શરૂઆતમાં ફૂગાવાની ભીતિ જણાય પરંતુ લાંબેગાળે ફુગાવો ઓછો થઈ જાય. આમ GST ના ફાયદા અને ગેરકાયદા વચ્ચે GST ભારતમાં કાયમ માટે લાગુ કરી દેવાયો અને આપણે એવી આશા રાખીએ કે અર્થતંત્રને વિકાસ માટે એ માર્ગ મોકળો કરી આપે.

## GST માં થયેલા સુધારાઓ

GST કાઉન્સીલની મિટિંગ ૯ અને ૧૦ નવેમ્બર ૨૦૧૭ ના રોજ ગૌહતીમાં મળી આ કાયદાને સરળ બનાવવા માટે ટેક્ષનું માળખુ સુવ્યવસ્થિત અને તેનું બર્ડન ઓછુ કરવા માટે મહત્વન નિર્ણયો લીધા છે. જે ટૂંકમાં રજૂ કરીશ.

- ટેક્ષના દર ૨૮% માંથી ૧૮%

  ૧૭૮ ચીજ વસ્તુ પર GST માટે ૨૮% નો સ્લેબ ઘટાડી ૧૮% કરવામાં આવ્યો. ૫૦ વસ્તુઓ પર ૨૮% નો દર લાગુ કરવામાં આવ્યો.
- કમ્પોગીશન સ્કીમ સ્કીમમાં મહત્વની રાહતો.

  કમ્પોગીશન સ્કીમ પસંદ કરવાની મર્યાદા ૧ કરોડના ટર્નઓવર સુધીની હતી તે હવે વધારીને ૧.૫ કરોડ કરવામાં આવી છે. તે લિમિટમાં GST કાયદાના સુધારાને આધીન વધારો કરીને તેની મર્યાદા ૨ કરોડ સુધીની પ્રયોગ કરવામાં આવી છે. તે માટ GST એકટમાં સુધારો કરવો પડશે. હાલ આ સ્કીમ હેઠળ ઉત્પાદકો માટે ૨% તેમજ ટ્રેડર્સ માટે ૧% નો દર બદલીને બંને માટે ફકત ૧% કરવામાં આવ્યો તેની ઘણી અસર નાના વેપારી અને ઉત્પાદકો પર પડશે. ૧% ટેક્ષ ભરીને દોઢ કરોડ સુદીનો ધંધો કરી શકશે.
- બધા પ્રકારના રીટર્ન ભરવાની મર્યાદામાં થયેલા સુધારાઓ.

  વેપારીઓના GSTR રિટર્ન ફાઈલ કરવા માટે બે વિભાગ પાડવામાં આવ્યા છે. જે એરીશીનું વાર્ષિક ટર્નઓવર ૧.૫ કરોડ સુધીનું હોય તેમણે GSTR-૧ ત્રિમાસિક ભરવાનું.
- પેનલ્ટી :

  હાલના કાયદામાં રીર્ટન મોડા ભરવા માટેની પેનલ્ટી ૨૦૦/- એક દિવસના લગાવવામાં આવતી હોય છે. તે ઓછી કરીને જે વેપારીનું રીર્ટન નીલ હોય તેને રૂા. ૧૦ અને અન્ય વેપારીને રૂા. ૨૫ એક દિવસ લેટ ભર્યાની પેનલ્ટી લેવાશે. SGST અને CGST ના ટેક્ષ પર જુદી જુદી લગાવવામાં આવશે. નીલ રિર્ટન વાળા વેપારીને એક દિવસની ૨૦% અને અન્ય વેપારીને ૫૦રૂા. લગાવવામાં આવશે.
- સર્વિસ સપ્લાયના દરમાં કરેલા સુધારા : ૧૫ નવે. ની મધ્યરાત્રિથી અમલમાં
  1. રેસ્ટોરંટ AC અને નોન AC ફુડ૫% ટેક્ષ ITC મળશે નહી. પાર્સલ સેવા સાથે

2. હોટલ પ્રિમાઈસીસમાં એક રૂમના ૭૫૦૦/- નીચેનું ટેરીફ હોય તો ૫ % ટેક્ષ અને ITC મળશે નહી.
3. હોટલ પ્રિમાઈસીટીમાં ૭૫૦૦ ઉપરનું ટેરીફ હોય તો ટેક્ષ ૧૮% અને ITC મળશે નહી.
4. જોબવર્ક સેવાઓ ખાસ કરીને હેન્ડી ક્રાફટનો માલ બનાવતા હોય તેને ટેક્ષ ૫% અને ITC મળશે.

- અન્ય સુધારા
  ચા-કોફી, દાળ,સ્પાઈસીસ, ડ્રાયફ્રૂટ વગેરેની પ્રોસેસ માટે થતા ખર્ચા જેવા કે લોડિંગ, પેકિંગ, ગોડાઉન ના ખર્ચા વિ. એગ્રીકલ્ચરનો ભાગ ગણાશે નહી. તે ટેક્ષને પાત્ર થશે.
- RCM નો સ્કોપ વધારીને રો કોટનના વેચાણ ઉપર લંબાવવામાં આવ્યો છે. જે ખેડૂત રો કોટન રજીસ્ટર વેપારીને વેચશે તે ૫% ના દરે RCM નો ટેક્ષ વેપારી ભરશે.

ઉપરોકત GST મોડેલ જોતા જરૂર એવું લાગે છે. કે થોડો સમય વેપારી, ઉત્પદકને ઓનલાઈન હોવાથી તકલીફ પડશે પરંતુ ધીરે ધીરે એ સમસ્યા દૂર થશે.

## સંદર્ભ સૂચિ

૧. યોજના ઓન-૧૭
૨. અર્થસંકલન ઓન-૧૬
૩. વર્તમાન સમાચાર પત્રો
૪. ટેક્ષ રિપોર્ટર નવે-૧૭